(૧) સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ (૨) સાવિત્રીબાઇ ફુલે દલિત મહિલા કલા / સાહિત્ય એવોર્ડ (૩) મહાત્માફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ (૪) દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્ય કૃતિ એવોર્ડમાંથી “દલિત” શબ્દ રદ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃSCW/૧૦૧૭/૩૩૦૩૭૩/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૧/૬/૨૦૧૭.

વંચાણે લીધાઃ

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૭/૨/૨૦૦૧ ના ઠરાવ ક્રઃ એસસીડબલ્યુ-૧૦૯૯-ન.બા.૧૯-ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩/૧/૨૦૦૨ ના સુધારા ઠરાવ ક્રઃ એસસીડબલ્યુ-૧૦૯૯-ન.બા.૧૯-ગ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૮/૨૦૦૯ ના ઠરાવ ક્રઃ પરચ-૧૦૨૦૦૮-મ-૫૫૭-ન.બા.૬૨-ગ

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૯/૬/૨૦૦૨ ના ઠરાવ ક્રઃ એસસીડબલ્યુ-૧૦૨૦૦૨-ન.બા.૧૭-ગ

(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૯/૭/૨૦૦૨ ના ઠરાવ ક્રઃ એસસીડબલ્યુ-૧૦૨૦૦૨-ન.બા.૧૭-ગ

(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ નો તા. /૫/૨૦૧૭ નો પત્ર.

ઠ રા વઃ

અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તક ૬(છ) એવોર્ડ એનાયત કરવાની યોજના હાલ અમલમાં છે. તે પૈકી (૧) ડાં.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ અને મહાત્મા ગાંધી એવોર્ડમાં દલિત શબ્દનો સમાવેશ થતો નથી. બાકીના (૪)ચાર એવોર્ડ માટે ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૬ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તારીખ વગરના પત્રથી (૧) સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ (૨) સાવિત્રીબાઇ ફુલે દલિત મહિલા કલા / સાહિત્ય એવોર્ડ (૩) મહાત્માફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ (૪) દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્ય કૃતિ એવોર્ડમાં “દલિત” શબ્દને સ્થાને અન્ય શબ્દ સુચવવા નિયામકશ્રી(અજાક)એ દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે (૧) સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ (૨) સાવિત્રીબાઇ ફુલે દલિત મહિલા કલા / સાહિત્ય એવોર્ડ (૩) મહાત્માફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ (૪) દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્ય કૃતિ એવોર્ડના આ ચાર(૪) એવોર્ડમાંથી "દલિત" શબ્દ રદ કરવા આથી ઠરાવવામાં આવે છે.

ઉપરોકત વંચાણે લીધેલા ક્રમ-૧ થી ૫ પરના ઠરાવોની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા) ની તા.૧૪-૬-૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ઘનશ્યામસિંહ મકવાણા )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વે નાયબ નિયામકશ્રી,અનુસૂચિતજાતિ કલ્યાણની કચેરી,(નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.